પત્રિકા ૧૩૯

# ચિરાગે હિદાયત

૨૯/૧૨/૧૭
૧૦ ૨.સાની

## આ અઠવાડિયાની મુનાસેબત

૧૦ ૨.સાની – વિલાદતે હઝરત ઈમામ હસન અસ્કરી(અ.સ.)

## ઈમામ હસન અસ્કરી(અ.સ.)

ઈમામ હસન અસ્કરી(અ.સ.) શિયાઓના ૧૧માં ઈમામ અને માઅસૂમીન(અ.મુ.સ.)ની ૧૩મી કડીની વિલાદતના મૌકા ઉપર આવો આપણે તેમના ફરઝંદ અને આપણા ઝમાનાના ઈમામ મહદી(અ.ત.ફ.શ)ને મુબારક બાદ પેશ કરીએ છીએ.

અઝીઝો! દરેક ઈમામ(અ.સ.)નું જીવનચરિત્ર આપણા માટે નમુનએ અમલ છે, તેમની સીરત આપણા માટે દર્સગાહ છે દરેક પ્રસંગો આપણને કોઈને કોઈ સંદેશા જરૂર આપે છે.

આવો! એક આવો જ પ્રસંગ જે આપણને સૌને ખાસ કરીને આપણા બચ્ચાઓને માટે એક અઝીમ પૈગામ આપે છે તે જોઈએ.

* *ઈમામ(અ.સ.)ના બાળપણનો એક બનાવઃ*

એક વખત ઈમામ હસન અસ્કરી(અ.સ.) જેઓ નાના હતા. બાળપણના સમયમાં બધા બાળકો જે ખેલકૂદમાં મશગુલ હતા ત્યાં તેઓની નજીક ઉભા હતા. ત્યારે એક એહલેબૈત(અ.મુ.સ.)નો ચાહવાવાળો ત્યાંથી પસાર થયો. તે જોવે છે કે બધાજ બાળકો રમી રહ્યા છે પણ એક બાળક જે ખૂબજ ખૂબસુરત છે એક બાજુ ઉભું છે અને રોઈ રહ્યું છે. આ શખ્સ તે બાળકની તરફ આવે છે અને પૂછે છે કે ‘‘તમે શા માટે રડી રહયા છો? શું તમારા પાસે રમકડા નથી? તમે ચાહો તો હું તમને રમકડા અપાવી દઉ.’’ ત્યારે તે બાળકે એટલે કે ઈમામ હસન અસ્કરી(અ.સ.)એ તેમને જવાબ આપ્યો કે ‘‘શું તમે એમ માનો છો કે હું રમકડા માટે રોઈ રહ્યો છું? અય શખ્સ! અલ્લાહે આપણી ખિલ્કત રમકડાથી રમવા માટે નહી પણ તેની (અલ્લાહ)ની ઈબાદત માટે અને ઈલ્મ હાંસીલ કરવા માટે ખલ્ક કર્યા

છે.'' તે આવનાર શખ્સ કહે છે ''આવું સચોટ તમે કઇ રીતે કહી શકો છો?'' ત્યારે ઈમામ(અ.સ.)એ તેમને કહ્યું ''શું તમે કુરઆને મજીદ (સૂરએ મોઅમેનુન, ૧૧૫)ની આ આયત નથી સાંભળી જેમાં અલ્લાહતઆલા આપણને કહે છે. **શું તમોએ એમ ધારી લીધું હતું કે અમોએ તમને વ્યર્થ પૈદા કર્યા છે અને આ કે તમે અમારી હુજુરમાં પાછા નહી ફેરવવામાં આવો?''**

આ આવનાર શખ્સ ઈમામ(અ.સ.)ના આ જવાબથી અત્યંત પ્રભાવિત થાય છે અને કહે છે ''પણ તમે આટલી નાની વયમાં શા માટે આટલા ચિંતીત છો જયારે કે તમે હજી કોઈ ગુનાહ કર્યા નથી?'' ઈમામ(અ.સ.) ફરમાવે છે ''આ માટે ઉમ્રનો કોઈ ફર્ક નથી. હું મારી માતાને રોજ જોઉ છું કે તે ચૂલો બાળવા માટે મોટી આગ જલાવવા માટે પહેલા નાની લાકડીઓનો ઉપયોગ કરે છે. હું ડરૂં છું એ વાતથી કે નાના બાળકો જહન્નમની આગનું બળતણ ન બને.''

અલ્લાહો અકબર! અઝીઝો એ ઈમામ(અ.સ.) કે જે માઅસૂમ છે, જેની ઈસ્મતની ગવાહી કુરઆન આપે છે, જે અલ્લાહતઆલાની હુજ્જત છે. તે પણ અલ્લાહના અઝાબથી ડરી રહ્યા છે અને કેટલી ઉંડી સમજણ આપી રહ્યા છે.

ઈમામ(અ.સ.) આ વાકેઆથી આપણને દર્સ આપી રહ્યા છે કે નાના કે મોટા દરેકે અલ્લાહને જવાબ દેવાનો છે અને તે માટે તેણે પોતાની ઝિંદગીનો અઝીમ સમય ખેલકૂદમાં કે પછી મોબાઈલ અને વોટસેપમાં વ્યર્થ રીતે પસાર ન કરતા ઝિંદગીનો મકસદ કે જે ઈમામે બયાન કર્યો છે ઈબાદત અને ઈલ્મ હાંસીલ કરે અને તકવા ઈખ્તેયાર કરે.

અઝીઝો! ઈમામે હસન અસ્કરી(અ.સ.) જાણતા હતા કે તેમની પછી તેમના ફરઝંદ જે ૧૨માં ઈમામ છે તે ગયબતમાં હશે. તેથી લોકોને કાએમે આલે મોહમ્મદ(અ.સ.)ની લોકોને માઅરેફત કરાવતા.

એહમદ બિન ઈસ્હાક અશ્અરીનું બયાન છે કે એક વખત ઈમામ હસન અસ્કરી

(અ.સ.)ની ખિદમતમાં હાજર થયા અને પોતે ઈચ્છતા હતા કે તે ઈમામ(અ.સ.)ને પૂછે કે તમારો જાનશીન કોણ છે? ત્યાં ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું ''એહમદ બિન ઈસ્હાક ! તખલીકે આદમ(અ.સ.)થી લઈને આજ સુધી અને આજથી લઈને કયામત આવવા સુધી અલ્લાહ આ જમીનને ક્યારેય પણ હુજ્જતથી ખાલી નહી રાખે અને એ હુજ્જતને કારણે જ તેની બરકતને લીધે જમીનવાળાઓને બલાઓથી દૂર કરશે અને તેના વજૂદના કારણે જ વરસાદ વરસશે અને ઝાડ (નબાતાત) પૈદા થશે.

અબી ઈસ્હાકે અર્જ કર્યુ ''તો મૌલા આપનો જાનશીન અને ઈમામ કોણ હશે?'' ઈમામ(અ.સ.) પોતાની જગ્યાએથી ઉઠયા અને પોતાના ઘરથી એક બચ્ચાને પોતાના કાંધા ઉપર ઉપાડીને લાવ્યા જેની ઉમર ૩ વર્ષની હતી. જેનો ચહેરો ચૌદવીના ચાંદની જેમ ચમકી રહયો હતો. ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું ''અય ઈસ્હાક! અગર અલ્લાહતઆલા અને હુજ્જતે ઈલાહીની નજરમાં તમારી કદ્રો કિંમત અને તમારો મકામ ન હોત તો હું તમને ક્યારેય પણ તેમની ઝિયારત ન કરાવતે. આનું નામ રસૂલેખુદા(સ.અ.વ.)ના નામથી છે અને કુન્નીયત પણ. અને આજ એ છે જે ઝુલ્મથી ભરેલી ઝમીનને અદ્લ ઈન્સાફથી ભરી દેશે.''

''અય અહમદ બિન ઈસ્હાક! યાદ રાખો મારા આ ફરઝંદની મિસાલ જનાબે ખીઝર અને ઝુલકરનૈન જેવી છે અને તે પરદએ ગૈબમાં ચાલ્યા જશે અને એની ઈમામતના અકીદા ઉપર તેજ બાકી રહેશે. જેને ખુદા સાબિત કદમ રાખશે અને તેને તેના જલ્દી ઝહુરની દુઆની તૌફીક નસીબ કરશે.''

– એહમદ બિન ઈસ્હાક ફરમાવે છે કે ''મને ઈમામ(અ.સ.)ની ઝિયારતથી ખૂબજ સુકૂન મળ્યું અને ખૂબજ ખુશ થયો.'' (અલ્લાહ તઆલા આપણને પણ ઈમામે ઝમાના(અ.સ.)ની ઝિયારત નસીબ કરે. ઈન્શાઅલ્લાહ)

– એહમદ બિન ઈસ્હાક બીજે દિવસે પણ ઈમામની ખિદમતમાં હાજર થાય છે અને ઈમામને કહ્યું કે ''તમે કાલે મારા ઉપર મોટો અહેસાન કર્યો. હવે મને એ કહો કે તમારો

ફરઝંદ જનાબે ખીઝર અને ઝુલ્કરનૈનની સુન્નતને કેવી રીતે જારી કરશે?'' ત્યારે ઈમામ(અ.સ.)એ તેને જવાબ આપ્યો કે ''તવીલ (લાંબી) ગયબતના ઝરીએ.'' અને પછી ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું ''મારા ફરઝંદની ગયબત તુલાની હશે કે તેમના ઘણા માનવાવાળા તેમનો ઈન્કાર કરી દેશે અને તેમની ઈમામતના અકીદા ઉપર તે લોકો જ બાકી રહેશે જેમનાથી અલ્લાહે અમારી વિલાયતનો અહદ લીધો હશે અને જેઓના દિલોમાં અલ્લાહે ઈમાન લખી દીધું હશે અને તેમને રૂહ વડે મદદ કરવામાં આવશે.''

''અય અહમદ બિન ઈસ્હાક! આ અલ્લાહનો એક અમ્ર છે અને અલ્લાહના રાઝમાંથી છે અને અલ્લાહના ગયબમાંથી એક ગયબ (છુપી બાબતોમાંથી એક છુપી બાબત) છે એટલે જે કંઈ હું તમને આપું છું તે લઈ લો અને બાકી લોકોથી તેને મખફી (છુપી) રાખજો અને જો તમે એમ કરશો તો કાલે તમે અમારી સાથે મકામે આલે ઈલ્લીય્યીનમાં અમારી સાથે રહેવાનો શરફ હાંસિલ કરશો. *(કમાલઉદ્દીન પેજ નં.૩૮૪)*

*(મદીનતુલ માઅજીઝ, પેજ નં.૨૫૩, ભાગ-૪)*

### * *ઈમામ હસન અસ્કરી(અ.સ.)ની સોનેરી હદીસ :*

- અલ્લાહથી ડરો, અમારી માટે ઝિન્નતનું સબબ બનો અને અમારા માટે શરમીંદગીનું કારણ ન બનો.
- બહેસ ન કરો કારણ કે તેનાથી તમારો એહતેરામ ખત્મ થઈ જશે અને ન મજાક (મશ્કરી) કરો કે બીજાઓ તમારી પર ગુસ્તાખ થઈ જાય.
- હું તમને અલ્લાહથી ડરવાની, દીનમાં પરહેઝગારી ઈખ્તેયાર કરવાની, અલ્લાહની માટે કોશિશ કરવાની, સાચું બોલવાની, જે કોઈની અમાનત હોય તેને અમાનત પાછી આપવાની ચાહે તે નેક હોય અથવા ખરાબ, તવીલ સજદાની અને સારા પાડોશી બનવાની વસીય્યત કરૂં છું. હઝરત મોહમ્મદ(સ.અ.વ.) આજ વાતો સાથે મબઉસ કરવામાં આવ્યા હતા.

**અલ્લાહુમ્મ અજજીલ લે વલીય્યેકલ ફરજ.**

**પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ**

વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com